જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૨/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નાસતા-ફરતાં આરોપીઓને હાજર થવા ફરમાન :** **સમાચાર યાદી નં.૨૯૩૬/૧૪**

**ડીસીબી પોલીસ સ્ટેશન**

અમદાવાદ શહેરનાં ડીસીબી પોલીસ સ્ટેશનનાં ૨૦૧૨ વર્ષના ફ.ગુ.ર.નં.૧૪/૨૦૧૨ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૭૧,૧૧૪,૧૨૦ બી મુજબનો ગુનો કરી આરોપી (૧) જય પ્રકાશ (૨) મુકુન્દધન (બન્ને રહે. પ્લોટ નંબર-૧૦૧ ફ્લેટ નંબર-૬૧ ગ્રાઉન્ડ ફ્લોરડોર નંબર ૫/૧ એલ.હર્ડ સ્ટ્રીટ સાઈ નિલયમ કુમારણ કોલોની વડાપાલાની ચૈન્નાઈ (૩) જેમ્સ (રહે.મલેશીયા) (૪) મનોજકુમાર શ્રીધર (રહે.અંજુકુંન્નુ વૈઈત્રી વેઈનાડ ૬૭૩૫૭૬ કેરાલા) (૫) પ્રભીશ કે.કે.(રહે.નૈલ્લેરી માણીકોથ હાઉસ એફ.સી.આઈ.રોડ ચંબાનૌર રેલવે સ્ટેશન પાછળ અંગામાલી સાઉથ એરનાકુલમ ૬૮૩૫૭૨ (૬) શ્યામ ઓ.ટી (રહે.ચિત્રા હાઉસ અંજુકુંન્નુ પો.સ્ટે.માનંદાવાડી વેઈનાડ ૬૭૦૬૪૫) નાઓએ ભેગા મળી વિસારેવ કંપનીની જુદી-જુદી સાઇટો ઉપર નાણા ઈન્વેસ્ટ કરાવી કંપની બંધ કરી ફરાર છે. આ આરોપી પોતાને વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા અથવા નાસતા ફરે છે. આથી મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી,કોર્ટ નંબર-૧૧ ઘી કાંટા, અમદાવાદ શહેર ૮૨ મુજબ જાહેરનામુ ફરમાવી આ આરોપીઓને એક માસમાં મે.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી કાંટા, અમદાવાદ ખાતે પોતાની સમક્ષ હાજર થવા ફરમાવેલ છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૯૩૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી ૨૩૬ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૨ આરોપીઓને ઝડપી રૂપિયા ૩૧,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૯૩૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૯૩૯/૧૪**

**ખોખરા :** વસંતકુમાર બાબુભાઇ ક્રિશ્ચીયન (રહે.અમર આશિષ એપાર્ટમેન્ટ, ઇલાજ મેડીકલ સ્ટોર્સ પાછળ, મણીનગર પુર્વ, ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૧/૧૪ રાતના ૧૧/૪૫ થી તા.૩૦/૧૧/૧૪ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી.ઠાકોર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૯૪૦/૧૪**

**વટવા :** અમીનભાઇ બરકતઅલી પંજવાણી (રહે.પાર્ક લેન્ડ સોસાયટી, જર્ક ડેરીની સામે, સરખેજ રોડ, જુહાપુરા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૧/૧૪ સાંજનાં ૬/30 વાગ્યાના સુમારે નારોલ સરખેજ હાઇ-વે રોડ, આર.વી.ડેનીમ કંપની સામે રોડ ઉપર બસ નંબર જીજે.૧.બી.વી.૯૯૯૮ નાં ચાલકે પોતાની બસ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી અમીનભાઇનાં ભત્રીજા આશીષ (ઉ.વ.૨૮) ને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઈજાઓ થતાં આશીષનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૯૪૧/૧૪**

**નરોડા :** જાગૃતીબહેન મહેન્દ્રભાઇ પરમાર (ઉ.વ.૧૯)(રહે.વાણીયાવાસ, જૈન દેરાસર પાસે, નરોડા ગામ) તા.૨૬/૧૧/૧૪ બપોરનાં ૧/30 વાગ્યાના સુમારે પોતાની સાસરીમાં પ્રાયમસ ફાટતાં આગ લાગતાં શરીરે દાઝી જતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ છે. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી પી.પી.પિરોજીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૯૪૨/૧૪**

**મેઘાણીનગર :** કોમલબહેન અશોકભાઇ પટણી(ઉ.વ.૧૭)(રહે.બાપાલાલા ઘાંચીની ચાલી, ચમનપુરા) એ તા.૨૮/૧૧/૧૪ સાંજનાં ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ કારણસર મહેંદીમાં નાંખવાનું કેમીકલ પી જતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૧૧/૧૪ રાતનાં ૯/૧૫ તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.નાડીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.